SRISTI

તા. ૦૯/૧૧/૨૦૧૪

પ્રતિ,

પાર્કિંગનું કામ સ્વીકારનાર (કોન્ટ્રાક્ટર)

મહોદયશ્રી,

ટ્રેડીશનલ ફૂડ ફેસ્ટિવલ, તારીખઃ ૨૦-૨૧-૨૨ ડીસેમ્બર, ૨૦૧૪ દરમ્યાન આઇઆઇએમમાં પાર્કિંગ વ્યવસ્થા અંગે ભાવ મંગાવવા બાબતે. **ભાવો મોકલવાની છેલ્લી તારીખઃ ૩૦ નવેમ્બર, ૨૦૧૪ છે.**

(૧) સૃષ્ટિ સંસ્થા દ્વારા આયોજીત ૨૦-૨૧-૨૨ ડીસેમ્બર, ૨૦૧૪ દરમ્યાન મુલાકાતીઓના તથા સ્ટોલધારકોના પાર્કિંગ એરીયામાં રાખેલ વાહનોના યોગ્ય રીતે પાર્કિંગ કરાવવાની તથા સાર-સંભાળ રાખવાની સંપૂર્ણ જવાબદારી પાર્કિંગ કોન્ટ્રાક્ટરની રહેશે.

(૨) પાર્કિંગ કરાવેલા વાહન યોગ્ય રીતે પાર્ક કરાવવા ઉપરાંત સાર-સંભાળ અને બહાર જાય ત્યારે પણ સરળતાથી જાય તેનું નિયમન પણ કોન્ટ્રાક્ટરે જ કરવાનું છે.

(૩) પાર્કિંગ એરીયામાં વાહનો મુખ્ય રોડ થઇ ગેટમાંથી પ્રવેશે ત્યાંથી લઇ યોગ્ય રીતે પાર્ક કરાવવા તથા સાર-સંભાળ માટે તથા બહાર જાય ત્યારે પણ જે કંઈ વધારાના કર્મચારીઓની જરૂર પડે તે તમામ કર્મચારીઓ કોન્ટ્રાક્ટરે પોતાની રીતે લાવવાના રહેશે અને તમામ વાહનોનું યોગ્ય રીતે નિયમન થાય તે જવાબદારી સ્વીકારવાની રહેશે.

(૪) પાર્કિંગ એરીયામાં ટુ-વ્હિલર અને ફોર-વ્હિલર યોગ્ય રીતે પાર્ક થાય તે માટે જે કંઈ રસ્સી કે વાંસની આડશ કોન્ટ્રાક્ટરે ઉભી કરવાની રહેશે.

(૫) આઇઆઇએમમાં મહોત્સવના સ્થળ ઉપરાંત તેની સામે આવેલ એઈએસના ગ્રાઉન્ડમાં પણ વાહનો ઉપર મુજબના નિયમો અનુસાર જ પાર્ક કરાવવાના રહેશે. પાર્કિંગ કરાવનાર કર્મચારીઓએ વિઝીટર્સ સાથે

વિનમ્રતાથી વર્તવાનું રહેશે, ગેરશિસ્ત ચલાવી લેવામાં નહીં આવે. પાર્કિંગ કરાવનાર તમામ કર્મચારીઓના નામ અને સરનામાં આયોજક સંસ્થાને આપવાના રહેશે. આ તમામ કર્મચારીઓના ગળામાં જે-તે કોન્ટ્રાક્ટરનું ઓળખ પત્ર લટકતું હોયતે ફરજીયાત છે.

(૬) આ વાહનો પાર્ક કરાવવા માટે દરેક વાહનધારકો પાસેથી વાહનના પ્રવેશ દીઠ ટુ વ્હીલર માટે રૂ. ૧૦/- અને ફોર વ્હીલર માટે રૂ. ૨૦/- નાણાં વસુલ કરવાના રહેશે. આ માટે પાર્કીંગ કુપન સૃષ્ટિ સંસ્થા તરફથી આપવામાં આવશે. જેનો રેકોર્ડ રાખવાની જવાબદારી આપની (કોન્ટ્રાક્ટર) રહેશે. પાર્કીંગ માટેની કુપન છપાવીને સૃષ્ટિ દ્વારા કોન્ટ્રાક્ટરને આપવામાં આવશે. છપાયેલી કુપન ચકાસીને કોન્ટ્રાક્ટરે લેવી તેમાં કોઇપણ પ્રકારની ભૂલ હોય તો મહોત્સવ શરૂ થયાના એક દિવસ પહેલા લેખીતમાં ધ્યાન દોરવું. પાછળથી કોઇ તકરાર ચાલશે નહીં.

(૭) વાહનો પાર્ક કરાવવા માટે જે કંઈ કર્મચારીઓ રોકવા પડે કે રસ્સી બાંધવી પડે તે તમામ જવાબદારી આપે(કોન્ટ્રાક્ટર) કોન્ટ્રક્ટધારાની કલમ ૧૫૧ અન્વયે આપે સ્વીકાર કરેલ છે.

(૮) પાર્કિંગ એરીયામાં વ્યવસ્થા માટે આપે રોકેલ કર્મચારીઓને ચુકવવાનું થતું મહેનતાણું પણ કોન્ટ્રાક્ટરે જ ચુકવવાનું રહેશે, આયોજક સંસ્થા આ માટે જવાબદાર રહેશે નહીં.

(૯) ત્રણ દિવસના આ સાત્ત્વિક મહોત્સવ દરમ્યાન વાહનોનું સરળ રીતે અવર-જવર રહે તેની જવાબદારી કોન્ટ્રાકેટરે સ્વીકારવાની છે. વાહનો પાર્ક કરાવવા બાબતે કોઈ પણ પ્રકારની અવ્યવસ્થા ન સર્જાય તે જોવાનું કામ કોન્ટ્રાક્ટરનું રહેશે.

(૧૦) આ સમગ્ર કામ (૨૦-૨૧-૨૨ ડીસેમ્બર, ૨૦૧૪, સવારે ૯ થી રાત્રીના ૧૧ વાગ્યા સુધી) અન્વયે જે પણ પાર્કીંગ ફી પેટે આવક થશે તેની સૃષ્ટિ અને કોન્ટ્રાક્ટર વચ્ચે વહેંચણી કરવામાં આવશે. પાર્કીંગ ફી પેટે મળેલ રકમ કોન્ટ્રાક્ટરે દરરોજ સૃષ્ટિમાં જમા કરાવી રસીદ મેળવી લેવાની રહેશે. મહોત્સવ પૂર્ણ થયા પછી તમામ કુપનોનો હિસાબ સૃષ્ટિમાં આવીને ચૂકતે કરવાનો રહેશે. જે બાદમાં સૃષ્ટિ દ્વારા સાત દિવસ બાદ કોન્ટ્રાક્ટરને મળવાપાત્ર રકમ ચેકથી જ ચુકવવામાં આવશે.

(૧૧) સૃષ્ટિ દ્વારા આયોજીત સાત્ત્વિક મહોત્સવ દરમ્યાન પાર્કિંગના આ કરાર બાબતે કોઈપણ વિવાદ ઊભો થશે તેવા સંજોગોમાં સૃષ્ટિ સંસ્થાનો નિર્ણય આખરી રહેશે.

(૧૨) કોન્ટ્રાક્ટર ડિપોઝીટ પેટે ૨૫૦૦૦ રૂપિયા સૃષ્ટિમાં ચેકથી જમા કરાવવાના રહેશે. જે ફાઈનલ હિસાબમાં મજરે આપવામાં આવશે.

સૃષ્ટિના હિતમાં હોય તેવા અનુભવી ત્રણ કોન્ટ્રાક્ટરોને રિર્વસ ક્વોટેશન માટે આમંત્રણ આપવામાં આવશે.

સેક્રેટરી, સૃષ્ટિ

**પાર્કિંગ કોન્ટ્રાક્ટરે નીચેની વિગતો પોતાના લેટરહેડમાં લખી મોકલવી.**

**આ માટે કોન્ટ્રાક્ટર વહેંચણીનો પોતાનો હિસ્સો ક્વોટેશનમાં લખી જણાવે.**

| સૃષ્ટિનો હિસ્સો (ટકામાં) | કોન્ટ્રાક્ટરનો હિસ્સો (ટકામાં) |
|---|---|
| ૧........................ | ૧........................ |
| ૨........................ | ૨........................ |

**અન્ય નોંધઃ**

---

કોન્ટ્રાક્ટરનું નામ : ........................................................................................................

કોન્ટ્રાક્ટરનું પુરુ સરનામુ :.....................................................................................................

ફર્મનું નામ / રજીસ્ટ્રેશન નંબર : ........................................................................................................

પાન નંબર : ........................................................................................................

પૂરુ સરનામુ : ........................................................................................................

........................................................................................................

........................................................................................................

ફોન/મોબાઇલ નંબર : ........................................................................................................

કોન્ટ્રાક્ટરે પોતાનું સરકાર માન્ય ફોટો ઓળખપત્ર બીડાણ કરવું.

તારીખઃ કોન્ટ્રાક્ટરની સહી અને સિક્કો

---

**ક્વોટેશન મોકલવાનું સરનામુઃ** સૃષ્ટિ, AES બૉયઝ હોસ્ટેલ કેમ્પસમાં, ગુજરાત યુનિવર્સિટી લાયબ્રેરી અને સ્ટેટ બેંક નજીક, નગરંગપુરા, અમદાવાદ - ૩૮૦ ૦૦૯, ફોન. ૦૭૯- ૨૭૯૧ ૩૨૯૩, ૨૭૯૧ ૨૭૯૨, મો. ૯૮૨૫૦ ૬૧૧૩૯

Email: sattvik@sristi.org